BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

## સિટી ઓફ બ્રૅમ્પટન પ્રારંભ કરે છે

## પરિવર્તનશીલ સિટી લેન્ડ્સ પ્રોજેક્ટ માટે એક્સ્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈરાદાનો કરાર)ની વિનંતી

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (22 માર્ચ 2023) – સિટી ઓફ બ્રૅમ્પટન દ્વારા પરિવર્તનશીલ સિટી લેન્ડ્સ પ્રોજેક્ટ માટે એક્સ્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈરાદાનો કરાર)ની વિનંતી મેળવવાની શરૂઆત કરવામાં આવી છે.

સિટી લેન્ડ્સ પ્રોજેક્ટ વેબપેજ, પર રિક્વેસ્ટ ફોર સિટી એક્સ્પ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (RFEOI) દસ્તાવેજની પહોંચ મારફત રસ ધરાવતા પક્ષો હવે આ વિસ્તારને ગતિશીલ શહેરી દુનિયા અને ચાલી શકાય એવા પાડોશમાં પરિવર્તિત કરી શકે તેવી વ્યાપક યોજનાઓ રજૂ કરી શકશે જેમાં સ્ટેટ ઓફ આર્ટ, મલ્ટિપર્પઝ ક્રિકેટ ફેસિલિટીનો સમાવેશ હોય.

RFEOI માં સંચાર વ્યવહારની પ્રક્રિયાઓ અને સમાપ્તિ તારીખો અંગેના વિશિષ્ટ દિશાસૂચનોનો સમાવેશ થશે અને સાથે જ પૂછપરછો અને સમસ્યાઓ માટેની સમર્પિત ઈનટેક પદ્ધતિઓં હશે.

ભાવિ સમર્થકો પોતાની પૂછપરછો સમર્પિત પ્રોજેક્ટ ઈમેલ rfeoi@brampton.ca પર રજૂ કરી શકે છે.

**સિટી લેન્ડ્સ પ્રોજેક્ટ વિશે**

સિટીના 2040 વિઝનમાં એક મહત્ત્વપૂર્ણ અવસર તરીકે જેને ઓળખવામાં આવ્યો છે તેવી આ સાઈટ જે 100 કરતા વધુ એકરનો વિસ્તાર ધરાવે છે અને સિટી ઓફ બ્રૅમ્પટનની માલિકીની છે તેમાં આ વિસ્તાર એક પ્રાદેશિક ગંતવ્ય સ્થળ તરીકે વિકસે એવી સંભાવનાઓ રહેલી છે.

2019 ના તકનીકી વિશ્લેષણમાં આ વિશાળ, વિકાસશીલ વિસ્તાર (અગાઉ "સીએએ લેન્ડ્સ" તરીકે ઓળખાતા) ને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી નવા શહેરી રૂપમાં ઉચ્ચ-ઘનતાવાળા રહેણાંક, વ્યવસાય, નવરાશની પ્રવૃત્તિઓઅને પર્યટન માટેની મોટી પરિવહન લક્ષી તકો તરીકે પરિવર્તિત કરવાની વ્યૂહાત્મક તક તરીકે ઓળખી કાઢવામાં આવી.

હાલમાં આ વિસ્તાર એટલે તે જે કેનેડી રોડની પૂર્વ તરફ છે, જે હાઈવે 410ની પશ્ચિમે છે અને 407 ETRની ઉત્તરે CAA સ્પોર્ટ્સ એન્ડ એન્ટરટેનમેન્ટ ફેસિલિટી આવેલ છે (જે અગાઉ પાવરેડ સેંટર તરીકે ઓળખાતું હતું). ભૂમિનું રિડેવેલપમેન્ટ સિટીના વિઝન સાથે મેળ ખાય છે જેમાં એવી પરિયોજનાઓ આકાર લે જેથી "પરિપૂર્ણ સમુદાયો" બની શકે.

**સુવાક્યો**

"છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સિટી એક નવી મલ્ટિપરપઝ ક્રિકેટ ફેસિલિટીની માંગ સંતોષવા પ્લાન બનાવી રહ્યા છે અને આવી અનુપમ સાઈટ માટે તેમની કમ્યુનિટી સ્થાપવાના વિઝનને આગળ વધારતા રહ્યા છે. આજનો દિન એટલે આ પ્રવાસનો એક મુખ્ય માઈલસ્ટોન છે જ્યારે અમે આ વિઝનને સાકાર કરવા માટે સાહસિક કલ્પનાઓ મેળવવાનું આરંભી રહ્યા છીએ. રહેવાસીઓ, વ્યવસાયો અને સ્થાનિક હિસ્સાધારકોનો આભાર માનવો રહ્યો જેમણે અમને પોતાના પ્રતિભાવો અને અભિપ્રાયો આપ્યા જેથી સુનિશ્ચિતપણે અમે સવલતો અને સેવાઓનું વ્યવસ્થાપન અને આયોજન કરી શકીએ જેથી સમુદાયની જરૂરિયાતો સંતોષી શકાય.

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"આવી અપવાદરૂપ કહેવાય એવી જબરદસ્ત પ્રિમિયર સ્પોર્ટ્સ ફેસિલિટીમાં અને સમુદાયના સિંચન માટેની પહેલમાં સહભાગી થવા સિટી ઓફ઼ બ્રૅમ્પટન ભાવિ સમર્થકોને આમંત્રિત કરે છે. સંભવિત ભાગીદારો, સિટી અને તેના નિવાસીઓને લાંબા ગાળાના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક લાભ મળે તે માટે પરિયોજનાનો આ તબક્કો અને આમંત્રણ પ્રથમ અવસર પૂરો પાડે છે.

*- માઈક્લ પલેશી, રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 2 & 6 પ્રમુખ, પ્લાનિંગ એન્ડ  ડેવેલપમેન્ટ સમિતિ*

"ઉચ્ચ-ઘનતાવાળા રહેણાંક, વ્યવસાય, નવરાશ અને પર્યટન માટે મુખ્ય પરિવહનલક્ષી તકો સાથે શહેરની ભૂમિને નવા શહેરી કેન્દ્રમાં પરિવર્તિત કરીને, બ્રૅમ્પટન માટે પ્રચંડ આર્થિક સંભાવનાને ઝડપથી સાકાર કરવાની આ ખૂબ જ આકર્ષક અને વાસ્તવિક તક છે. આ મોકાનું સ્થળ શહેર માટે તેમજ સંભવિત સમર્થકો માટે એક વ્યુહાત્મક તક રજૂ કરે છે અને અમને પરિયોજનાનો આગામી તબક્કો કેવી રીતે સાકાર થાય છે તેજોવાની ખૂબ ઉત્સુકતા છે."

*- ગુરપ્રતાપસીંઘ તૂર, પ્રાદેશિક પરિષદ સભ્ય (રીજનલ કાઉન્સિલર)વૉર્ડ 9અને 10 પ્રમુખ, ઈકોનોમિક ડિવલપમેન્ટ*

-30-

કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ઼ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca